RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 313, Dt.23-02-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઉડતા ગુજરાત...વેરાવળ બંદરે ૩૫૦ કરોડનું હેરોઈન ઝડપાયું

## ગીર સોમનાથ એસ.પી. મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એસઓજી, એલસીબી અને મરીન પોલીસની સફળ કામગીરીઃ ૫૦ કિલો હેરોઈન સાથે ૯ ખલાસીઓની ધરપકડઃ સેટેલાઈટ ફોન સહિતના સાધનો જપ્ત કરાયાઃ રાજકોટ કનેકશનની શંકા !

**મુખ્ય સમાચાર, વેરાવળ**

વેરાવળ બંદરેથી ૩૫૦ કરોડોનો હેરોઇનનો જથ્થો ઝડપાયો છે. દરિયાઈ માર્ગે ફિશિંગ બોટમાં ૫૦ કિલો હેરોઇનનો જથ્થો વેરાવળ લાવવામાં આવ્યો હતો. જે મધ્યરાત્રીના બાતમી આધારે પોલીસે ઝડપી પાડ્યો છે. એક કિલો હેરોઇનની આંતરરાષ્ટ્રીય કિંમત ૭ કરોડ છે. જેથી ૫૦ કિલો હેરોઇનની કુલ કિંમત ૩૫૦ કરોડ જેટલી થાય છે. હાલ અઝજસહિત ગીર સોમનાથ જ્ઘત્રજ્ઞ, કઈઇ, ત્રજીક અને મરીન પોલીસ સહિતની બ્રાન્ચ દ્વારા સંયુક્ત તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.


ગીર સોમનાથ એસપી મનોહરસિંહ જાડેજાની ટીમ દ્વારા વેરાવળમાં નશીલા પદાર્થ અંગે મેગા ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. જેમાં ૫૦ કિલો હેરોઇનના જથ્થા સાથે ૯ ખલાસીઓ ધરપકડ કરવામાં આવી છે.

અરબી સમુદ્રમાં દરિયાઈ માર્ગે આવતા નશીલા પદાર્થના મોટા જથ્થાને સુરક્ષા એજન્સીએ ઝડપી પાડ્યો છે. જે ત્રજીક રિપોર્ટ આવ્યા બાદ આ માદક પદાર્થ હેરોઇન હોવાની માહિતી બહાર આવી હતી. સૂત્રોમાંથી મળતી માહિતી વિગતો મુજબ વેરાવળ નજીકના સમુદ્રમાંથી સુરક્ષા એજન્સીઓને મળેલી બાતમીના આધારે એક ફિશિંગ બોટમાં વેરાવળ બંદર ઉપર આવી રહેલા હેરોઇનના મોટા જથ્થાને ઝડપી પાડવામાં આવ્યો છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસના મેગા ઓપરેશન વિશે ટ્વીટ કરી માહિતી આપી હતી. તેમજ સફળતાપૂર્વક કામગીરી કરવા બદલ ગીર સોમનાથ પોલીસને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. એસઓજી, એલસીબી સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા બોટમાંથી ઝડપાયેલા ૯ જેટલા ખલાસીઓનું ઈન્ટરોગેશન કરવામાં આવી







રહ્યું છે. આધારભૂત સૂત્રોમાંથી માહિતી મળી રહી છે તે મુજબ રાજકોટના અમુક રિસીવરો આ નશીલા પદાર્થની ડિલિવરી લેવા માટે વેરાવળ બંદર ઉપર પણ આવી પહોંચ્યા હોવાની સુરક્ષા એજન્સીઓને બાતમી મળી છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા આ દિશામાં પણ તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે. હાલ સુરક્ષા એજન્સીઓને મોટી સફળતા મળી છે. ત્યારે આ નશીલા પદાર્થની હેરાફેરીમાં સ્થાનિક કોઈ માછીમાર અથવા કોઈ એવા ગુનાહિત માનસ ધરાવતાં તત્ત્વોની સંડોવણી છે કે કેમ? આ ઉપરાંત આ નશીલા પદાર્થનો જથ્થો કોણે મોકલ્યો હતો. કોના દ્વારા મંગાવામાં આવ્યો હતો તે દિશામાં તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે.

## આંદોલનકારી ખેડૂતો પર હવે રાષ્ટ્રીય સુરક્ષાધારો ઉગામવા તૈયારીઃ સંપતિ જપ્ત કરાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હરિયાણા-પંજાબ સરહદ પર છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા ખેડુત આંદોલનમાં હવે કેન્દ્ર સરકાર એકશનમાં આવે તેવી તૈયારી છે. ખાસ કરીને હરિયાણા સરકાર દ્વારા આંદોલનકારી ખેડુતોને તાત્કાલીક હાઇવે ખાલી કરવા તથા જેસીબી સહિતના ભારે વાહનોને હટાવી લેવા માટે આદેશ આપવામાં આવ્યો છે અને આગામી એક બે દિવસમાં જો હાઇવે ખાલી ન થાય તો આંદોલનકારી ખેડુતો પર સરકાર



આકરા પગલા પણ લેશે.સુત્રોના જણાવ્યા મુજબ સુપ્રિમ કોર્ટમાં મામલો પહોંચે તે પહેલા હાઇવે ખાલી કરાવવા માટે સરકારે તમામ તૈયારી કરી લીધી છે. આંદોલનકારી ખેડુતોની મિલ્કત જપ્ત કરવા અને બેંક એકાઉન્ટ પણ ફ્રીઝ કરવા સુધીના પગલા લેવાશે. આ માટે ડેટાબેઝ પણ કેન્દ્રીય મંત્રાલય ગૃહ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. અને રાજયને તેનો અમલ કરવા માટે આદેશ અપાશે.

# ૧૯૦૦૦ કરોડના ખર્ચે ઘાતક મિસાઈલ ખરીદી ભારતીય નેવીને કરાશે મજબૂતઃ સરકારની લીલીઝંડી

### બ્રહ્મોસ મિસાઈલ ભારતીય નેવીનું મુખ્ય હથિયાર છે જેનો એન્ટી શિપ અને એટેક ઓપરેશનમાં ઉપયોગ થાય છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુરક્ષા મામલાની કેબિનેટ સમિતિએ ૨૦૦ બ્રહ્મોસ મિસાઈલની ખરીદી માટેની ડીલને મંજૂરી આપી દીધી છે. બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોની ખરીદી ભારતીય નેવી માટે કરવામાં આવશે અને આ મિસાઈલોને ભારતીય નેવીના યુદ્ધ જહાજો પર તૈનાત કરવામાં આવશે. આ ડીલ ૧૯ હજાર કરોડ રૂપિયાની છે. બુધવારે સાંજે સુરક્ષા મામલાની કેબિનેટ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં આ ડીલને મંજૂરી આપવામાં આવી છે.

આ કરાર પર બ્રહ્મોસ એરોસ્પેસ અને રક્ષા મંત્રાલય વચ્ચે માર્ચના પ્રથમ અઠવાડિયામાં હસ્તાક્ષર થઈ શકે છે. બ્રહ્મોસ એરોસ્પેસ એ ભારત અને રશિયાની સરકારનું એક સંયુક્ત ઉપક્રમ છે. જે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું




ઉત્પાદન કરે છે. આ મિસાઈલોને સબમરીન, યુદ્ધ જહાજ, એરક્રાફ્ટ અને જમીન પરથી પણ ફાયર કરી શકાય છે. બ્રહ્મોસ મિસાઈલ ભારતીય નેવીનું મુખ્ય હથિયાર છે જેનો એન્ટી શિપ અને એટેક ઓપરેશનમાં ઉપયોગ થાય છે.

બ્રહ્મોસ મિસાઈલને ભારતમાં જ રશિયાની મદદથી વિકસાવવામાં આવી છે અને તેના ઘણા પાર્ટ ભારતમાં જ બનાવવામાં આવે છે. ભારત ટૂંક સમયમાં બ્રહ્મોસ મિસાઈલની ફિલિપાઈન્સમાં નિકાસ કરવા જઈ રહ્યું છે. બંને દેશો વચ્ચે આ અંગે એક ડીલ થઈ ચૂકી છે અને આ સાથે જ ફિલિપાઈન્સ બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમ ખરીદનાર પ્રથમ વિદેશી ગ્રાહક દેશ બની ગયો છે.દક્ષિણ એશિયાના અન્ય દેશોએ પણ બ્રહ્મોસ મિસાઈલની ખરીદીમાં રસ દાખવ્યો છે. બ્રહ્મોસ એરોસ્પેસના પ્રમુખ અતુલ રાણેએ જણાવ્યું કે, ફિલિપાઈન્સની સાથે બ્રહ્મોસ મિસાઈલની ડીલ લગભગ ૩૭૫ મિલિયન ડોલરની હશે અને તેમની ટીમ પ્રયાસ કરી રહી છે કે, વર્ષ ૨૦૨૫ સુધીમાં હથિયારોની નિકાસને ૫ અબજ ડોલરના લક્ષ્ય સુધી પહોંચાડી શકાય. વડાપ્રધાન મોદીએ પણ હથિયારોના નિકાસને પાંચ અબજ ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્ય નક્કી કર્યો છે અને વડા પ્રધાન દ્વારા નિર્ધારિત લક્ષ્યાંકને હાંસલ કરવામાં બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમ મહત્વની ભૂમિકા ભજવશે.

# આ વર્ષે દેશમાં કર્મચારીઓને પગારમાં ૯.૫%નો વધારો થવાની આશાઃ સર્વે

### ટેક પેકમાં પ્રોડક્ટ કંપનીઓ ૯.૫%નો વધારો આપી શકે છે, જ્યારે સર્વિસમાં ૮.૨%ના વધારાની આશા

**પરફેકટ સૌરાષ્ટ્ર, નવીદિલ્હી**

ગત વર્ષના મુકાબલે આ વર્ષે દેશમાં કર્માચારીઓને થોડું ઓછું ઇન્ક્રીમેન્ટ મળી શકે છે. ગ્લોબલ પ્રોફેશનલ સર્વિસ કંપની એઓન પીએલસીના સર્વેમાં આ વાત સામે આવી છે. આ વર્ષે કર્મચારીઓના પગારમાં ૯.૫%નો વધારો થવાની આશા છે. આ વધારો ૨૦૨૩ની રિયલ સેલેરી ઇન્ક્રીમેન્ટ ૯.૭% કરતા થોડો ઓછો છે.

એઓન પીએલસીના વાર્ષિક સર્વેમાં લગભગ ૪૫ ઉદ્યોગોની ૧,૪૧૪ કંપનીઓના આંકડાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ દેશનો સૌથી મોટો અને સૌથી વિગતવાર સર્વે હોવાનું કહેવાય છે. સર્વે પ્રમાણે નાણાકીય સંસ્થાઓ, એન્જિનિયરિંગ, ઓટોમોટિવ અને લાઈફ સાઈન્સમાં સૌથી વધુ પગાર વધારાના



ઓફરની શક્યતા છે જ્યારે રિટેલ અને આઈટી સેવાઓ સૌથી ઓછા પગાર વધારાનું અનુમાન છે.

ટેક પેકમાં પ્રોડક્ટ કંપનીઓ ૯.૫%નો વધારો આપી શકે છે જ્યારે સર્વિસમાં ૮.૨%ના વધારાની આશા છે. સ્ટાર્ટઅપ્સ પણ જૂની IT સર્વિસ કંપનીઓ કરતાં વધુ સારી ચૂકવણી કરી શકે છે. એઓનનું અનુમાન છે કે, તેઓ ૨૦૨૩માં ૯%ની તુલનામાં સરેરાશ ૮.૫% નો વધારો આપશે. બહુરાષ્ટ્રીય કંપનીઓ ૯.૮% નો પગાર વધારો આપી શકે છે. જો કે, સૌથી વધુ પગાર વધારો નાણાકીય સંસ્થાઓમાં થઈ શકે છે.

સર્વે પ્રમાણે વર્ષ ૨૦૨૨માં ઉચ્ચ પગાર વધારા બાદ ભારતમાં પગાર વધારો એક સિંગલ ડિજિટ એટલે કે ૧૦%થી પણ ઓછા પર સ્થિર છે. બીજી તરફ નોકરી છોડવાનો દર ૨૦૨૨ના ૨૧.૪ ટકાથી ઘટીને ૨૦૨૩માં ૧૮.૭ ટકા થઈ ગયો છે. ભારતમાં એઓનના ચીફ કોમર્શિયલ ઓફિસર રૂપાંક ચૌધરીએ જણાવ્યું કે, ભારતના સંગઠિત ક્ષેત્રમાં વેતનમાં અંદાજિત વધારો વિકસતા આર્થિક પરિદ્રશ્યની સામે એક વ્યૂહાત્મક સમાયોજનનો સંકેત આપે છે.

# રાજકોટ એઈમ્સમાં દર્દીઓને તમામ સારવાર નજીવા ખર્ચે મળી રહેશોઃ સી.ડી.એસ. કટોચ


### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાતની સૌપ્રથમ એઈમ્સનું તા.૨૫ને રવિવારના લોકાર્પણ કરાશેઃ પત્રકાર પરિષદમાં અપાઈ માહિતી






(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતના વડાપ્રધાન નરેન્દ્રવભાઇ મોદી ૨૫મીએ રાજકોટ એઇમ્સનું લોકાર્પણ કરવાના છે, આજે આ એઇમ્સની સુવિધા અંગે પત્રકાર પરિષદમાં રાજકોટ એઇમ્સના ડાયરેકટર કટોચ તથા આસી. ડાયરેકટર શ્રી અરોરાએ મહત્વવની વિગતો જાહેર કરી હતી. આ સમયે લાયઝનીંગ ઓફિસર ડો. ઉત્સવ પારેખ પણ સતત સાથે રહ્યા હતા.

કટોચે જણાવેલ કે, રાજકોટ અને સૌરાષ્ટ્ર ના લોકોને આરોગ્યની ઉત્તમ સુવિધા ઉપલબ્ધસ કરાવવાની ગેરંટીને પૂરી કરતાં ગુજરાતને પ્રથમ એઈમ્સરની ભેટ વડાપ્રધાન આપી રહ્યા છે. રાજકોટની ભાગોળે ખંઢેરી ગામમાં ૨૦૧ એકર જેવી વિશાળ જગ્યાવમાં રૂ. ૧૧૯૫ કરોડના ખર્ચે આ એઈમ્સટનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં દર્દીઓને સાવ નજીવા ખર્ચે મલ્ટી-સ્પેનશિયાલિટી સારવાર મળી રહેશે. કુલ ૭૨૦ બેડની આ હોસ્પિટલમાં મેજર સુપર સ્પે શિયાલિટી, આઈ.સી.યુ. સહિતની સેવાઓ ઉપલબ્ધન કરાવાઈ છે. ૨૦ મેજર તથા ૩ માઈનોર મળીને કુલ ૨૩ અદ્યતન ઓપરેશન થિયેટરની સુવિધા રહેશે. આ એઈમ્સીમાં વર્ષ ૨૦૨૧ના ડિસેમ્બથર મહિનાથી, ૧૪ મલ્ટીદ સ્પેશિયાલિટી વિભાગો સાથેનો આઉટડોર પેશન્ટ ડિપાર્ટમેન્ટ૨ (ઓ.પી.ડી.) શરૂ થઈ ગયો છે. દરરોજ સવારે ૯થી સાંજે ૪ વાગ્યામ સુધી ઓ.પી.ડી. ચાલે છે. જેમાં સરેરાશ ૪૦૦થી ૫૦૦ દર્દીઓની સારવાર કરવામાં આવે છે. દર્દીઓને જરૂરી દવા પણ અહીંથી જ આપવામાં આવે છે. ઓ.પી.ડી.ના દર્દીઓ માટે આભા કાર્ડ પણ બનાવવામાં આવી રહ્યા છે. ફેબ્રુઆરીના આરંભ સુધીમાં ૧,૪૪,૬૧૪ દર્દીઓ ઓ.પી.ડી. સેવાનો લાભ લઈ ચૂકયા છે.

આ એઈમ્સરમાં ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨થી ટેલિમેડિસિન સેવા (ઈ-સંજીવની) સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગઈ છે. રોજના સરેરાશ ૧૩૨ વ્યડક્તિીને ટેલિફોનથી દવા-ઉપચાર અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. અત્યા્ર સુધીમાં ૭૦,૩૩૭ લોકોએ ટેલિ-મેડિસિન સેવાનો લાભ લીધો છે. રાજકોટ એઈમ્સયમાં આજથી ૨૫૦ બેડની ક્ષમતા સાથેનો ઈનડોર પેશન્ટસ ડિપાર્ટમેન્ટે - (આઈ.પી.ડી.) શરૂ થયો છે. જે દર્દીઓને હોસ્પિડટલમાં ભરતી કરવાની જરૂર છે, તેવા દર્દીઓની અહીં સારવાર કરાશે. આ સાથે ૩૦ બેડનો આયુષ બ્લોથક પણ દર્દીઓની સારવાર માટે શરૂ કરવામાં આવ્યોન છે. આઈ.પી.ડી.માં ઈમરજન્સીી અને ટ્રોમાની સ્થિઓતિમાં ઉત્તમ સારવાર વિના વિલંબે મળી રહે તે માટે ૩૫ બેડની સુવિધા પણ રાખવામાં આવી છે. જ્યાીં મોડ્યુથલર ઓપરેશન થિયેટર સાથે ઓર્થોપેડિક, જનરલ સર્જરી, ઓબસ્ટ્ર વકટે અને ગાયનેકોલેજી, ઈ.એન.ટી., ઓફથેલ્મો,લોજી અને ડેન્ટબલ સર્જરીની સેવાઓ ઉપલબ્ધ છે. આઈ.પી.ડી.ના દર્દીઓને વિવિધ પ્રકારના રિપોર્ટસની સેવા સાવ નજીવા દરે એઈમ્સથમાં જ મળી રહેશે. આ માટે એમ.આર.આઈ., યુ.એસ.જી., ઈન્ટિ્ગ્રેટેડ લેબોરેટરી અને ડિજિટલ એક્સ -રે સહિતની બેનમૂન મેડિકલ સેવાઓ અને સાધનોની સુવિધા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત આઈ.પી.ડી.ના દર્દીઓ માટે ફાર્મસી, બ્લરડ સ્ટોનરેજ, નિદાનની સેવાઓ, અમળત ફાર્મસી અને જનઔષધી કેન્દ્રઓનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. ટેલિ-મેડિસિન સેવા - ઈ-સંજીવની સાથે પી.એચ.સી.-સી.એચ.સી. સાથે ડ્રોન આધારિત આરોગ્યસ સેવાઓ પણ આ એઈમ્સસની વિશેષતા બની રહેશે. આ એઈમ્સણમાં હાલ ૨૦૦ અંડર ગ્રેજ્યુંએટ મેડિકલ સ્ટુએડન્ટ , ૧૬ પી.જી. સ્ટુ ડન્ટઆ તથા ૬૯ મેડિકલ ફેકલ્ટીણઝ સાથે મેડિકલ શિક્ષણની કામગીરી સુપેરે ચાલી રહી છે.

આ સાથે ૫૮ સિનિયર નર્સિંગ ઓફિસર્સ સાથે ૩૯૧ નર્સિંગ સ્ટાફ, ૩૦ વહીવટી અધિકારીઓ તથા ૧૬ ટેક્નિકલ સ્ટાફ વિવિધ કામગીરી સંભાળી રહ્યા છે. અંડર ગ્રેજ્યુએિટ મેડિકલ સ્ટુધડન્ટળસ માટે લેક્ચ્ર હોલ તથા એકઝાટમ હોલ તેમજ વહીવટી ઓફિસો કાર્યરત થઈ ચૂકી છે. ૫૦૦ વ્યચક્તિમની ભોજન-ક્ષમતા સાથેની યુ.જી. તેમજ ગર્લ્સર હોસ્ટેવલ પણ કાર્યરત થઈ ચૂકી છે. મેડિકલ છાત્રો માટે આઉટડોર જીમ તથા વોલીબોલ કોર્ટનું પણ નિર્માણ કરાયું છે. એઈમ્સલમાં અવિરત વીજ પૂરવઠો જળવાઈ રહે તે માટે ૬૬ કે.વી.ના ગ્રીડ સ્ટોશન પણ કાર્યરત થઈ ચૂકયા છે. એઈમ્સના પલ્મોજનરી મેડિસિન, ઓફથેલ્મોકલોજી, ડેન્ટસલ, રેડિયો ડાયગ્નોસિસ, ઓ.બી.જી.વાય., ઓટોર્નો-લર્ન-લોજી વિભાગ, ફિઝિયોલોજી, પેથોલોજી વિભાગમાં અદ્યતન સાધનો ઉપલબ્ધ કરાવાયા છે. દર્દીઓના સગાઓને રાત્રિ રોકાણની તકલીફ ના પડે તે માટે નાઈટ શેલ્ટમર બ્લૉક પણ બનાવવામાં આવ્યાઓ છે. રાજકોટના બસ સ્ટેશનથી ખંઢેરીની સીધી બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત અહીં વ્યાોજબી ભાવે ભોજન સેવા આપતી સખીમંડળની કેન્ટિરન પણ શરૂ થઈ ગઈ છે. તેમજ લોકોને નાણાં ઉપાડવા માટે દૂર ના જવું તે માટે બેન્ક એટીએમ પણ શરૂ થઈ ગયું છે. 'એઈમ્સટ રાજકોટ સ્વાબસ્ય્એટ ' નામની મોબાઈલ એપ પર સારવાર માટે રજિસ્ટ્રે શન કરાવી શકાય છે.

# ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો એક મહિલા સહિત ત્રણ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ખંભાળિયામાં આજથી આશરે ચારેક દિવસ પૂર્વે અહીંના ધરમપુર વાડી વિસ્તારમાં ચોરીનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. આ પ્રકરણમાં એલસીબી પોલીસે તાકીદની કાર્યવાહી કરી, જામનગર જિલ્લામાં રહેતા એક મહિલા સહિત ત્રણ શખ્સોને દબોચી લઈ, મુદ્દામાલ કબજે કર્યો હતો.આ સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ, ખંભાળિયા નજીક આવેલા ધરમપુર વાડી વિસ્તારમાં રહેતા એક આસામી તથા તેમની નજીક રહેતા અન્ય એક વ્યક્તિના ઘરમાં સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ સહિત કુલ રૂ. ૧.૫૫ લાખના મુદ્દામાલની ચોરી થયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો હતો. આ અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આપવામાં આવેલી સૂચના અંતર્ગત સ્થાનિક ગુના શોધક શાખાના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમના પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, એસ.એસ. ચૌહાણ તથા આકાશ બારસિયા દ્વારા જુદા જુદા સ્થળોએ સીસીટીવી કેમેરા તથા નેત્રમ પ્રોજેક્ટ ઉપરાંત હ્યુમન સોર્સિસની મદદથી તમામ દિશાઓમાં તપાસ આરંભી હતી. જે હેઠળ કેટલાક શકમંદો સામે પણ તપાસની કાર્યવાહી કરાઈ હતી.




આ પ્રકરણમાં એલસીબીને મળેલી ચોક્કસ બાતમીના આધારે એક સ્થળેથી હીરો સ્પ્લેન્ડરમાં બેસીને એક સ્ત્રી તેમજ બે પુરુષો અહીંની સોની બજારમાં નીકળ્યા હોવાનું જણાવતા અને તેઓની હિલચાલ શકમંદ હોવાથી પોલીસે ઉપરોક્ત બંને પુરુષ તથા મહિલાને અટકાવી અને અંગઝડતી કરવામાં આવી હતી. જેમાં તેઓ પાસેથી દાગીના સહિતનો કેટલોક મુદ્દામાલ મળી આવ્યો હતો. જેને એલસીબી પોલીસે સ્થાનિક કચેરી ખાતે આ ત્રણેયને લઈ જઈ અને આગવી ઢબે પૂછપરછ કરતા પોપટ બની ગયેલા આરોપીઓએ અહીંના ધરમપુરથી લાલપુર તરફ જવાના રસ્તે ચારેક દિવસ પૂર્વે બે આસામીઓના ઘરમાં ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી. ઝડપાયેલા આરોપીઓમાં જામનગર દિગ્જામ સર્કલ પાસે રહેતા અને રમકડાં વેચવાનો ધંધો કરતા દેવીપુજક મુકેશ અમુ સાડમીયા (ઉ.વ. ૨૦), ગુલાબનગર વિસ્તારમાં રહેતા પ્રેમજી રાયધન વાઘેલા (ઉ.વ. ૨૫) અને જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે લતીપર રોડ પર રહેતા લખીબેન ઉર્ફે લાખુબેન મુકેશભાઈ જખાનીયા (ઉ.વ. ૩૫) હોવાનું જાહેર થયું છે.ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂ. ૬૮,૦૦૦ રોકડા, સોના ચાંદીના દાગીના તેમજ ચોરી માટે ઉપયોગમાં લીધેલું રૂપિયા ૪૦,૦૦૦ની કિંમતનું મોટરસાયકલ અને રૂ. ૫,૦૦૦ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૧,૫૫,૧૫૦નો મુદ્દામાલ કબજે કરી આરોપીઓની વધુ તપાસ અર્થે તેઓનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો છે.

# મોરબીના ઘૂંટું ગામે કેમિકલ ભરેલા ટેન્કર ઠાલવવા મુદ્દે ગ્રામજનોએ જીપીસીબી અને તાલુકા પોલીસને આવેદનપત્ર પાઠવાયું

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબીના ઘૂંટું ગામે ગત તા. ૧૯ ના રોજ રાત્રીના સમયે નર્મદા કેનાલ પાસે કેમિકલ ભરેલ એક ટેન્કર ઠાલવવા આવ્યું હોય જેને ગ્રામજનોએ ઝડપી લીધું હતું અને જીપીસીબી તેમજ પોલીસને જાણ કરવામાં આવી હતી ત્યારે ઝડપાયેલ ટેન્કરના માલિક કોણ છે, પ્રદુષણ ફેલાવવાનું કેટલા સમયથી ચાલતું હતું સહિતના વેધક સવાલો સાથેનું આવેદન ગ્રામજનોએ પાઠવ્યું હતું આજે ગ્રામજનો જીપીસીબી કચેરી અને બાદમાં મોરબી તાલુકા પોલીસ મથકે દોડી ગયા હતા અને વેધક સવાલો સાથેનું આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું

ઘૂંટું ગામના આગેવાન દેવજીભાઈ પરેચા, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોર ચીખલીયા અને મનોજભાઈ પનારા સહિતના આગેવાનોને સાથે રાખી ગ્રામજનોએ આજે જીપીસીબી કચેરી અને તાલુકા પોલીસ કચેરીએ જઈને આવેદન આપ્યું હતું જેમાં જણાવ્યું હતું કે ઘૂંટું ગામે ઝડપાયેલ ટેન્કરમાં ક્યાં પ્રકારનું કેમિકલ હતું, ટેન્કરના માલિક કોણ હતા, ટેન્કર ક્યાં કારખાનેથી ભરીને આવ્યું હતું અને કેટલા સમયથી આ પ્રદુષણ ફેલાવવાનું કામ ચાલતું હતું તે સવાલોના જવાબ આપવામાં આવે ગ્રામજનોએ વેધક સવાલો પૂછી આ તમામ બાબતની તપાસ કરવાની માંગ કરી હતી ટેન્કરના માલિક ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાના સાળાનું છે તે વાત સાબિત થઇ ગઈ છે ત્યારે ધારાસભ્યના દબાવમાં જો ત્રઈછ કરવામાં નહિ આવે તો ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેમ જણાવ્યું હતું



**શું કાર્યવાહી કરી, રીપોર્ટ ગ્રામજનોને સોપો નહિ તો ઉગ્ર આંદોલન : દેવજીભાઈ પરેચા**

સામાજિક અગ્રણી દેવજીભાઈએ જણાવ્યું હતું કે રજૂઆત કરી ત્યારે શું કાર્યવાહી કરી, રીપોર્ટ આપો તેવી માંગ કરી હતી અને કાર્યવાહી ના થાય તો આંદોલન કરાશે રસ્તા રોકો આંદોલન ગ્રામજનો કરશે તેવી ચીમકી ઉચ્ચારી છે રોડથી ગાડી હળવદ લઇ જતા હતા મોરબી આવતી હતી તેવી વાતો કરે છે તો ઘૂંટું ગામની સીમમાં કેમ ખાલી કરી આજે આવેદન આપ્યું છે ૧૫ દિવસમાં કાર્યવાહી ના થાય અને રીપોર્ટ ના મળે તો ઉગ્ર આંદોલન કરશું ક્યાં કારખાનેથી ગાડી આવી હતી તેનો જવાબ મળવો જોઈએ તેવી માંગ કરી હતી

**સેમ્પલ લીધા છે રીપોર્ટ આવ્યે કાર્યવાહી કરીશું : મહેન્દ્ર સોની**

જીપીસીબી અધિકારી મહેન્દ્ર સોનીએ જણાવ્યું હતું કે સ્થળ વિઝીટ કરી સેમ્પલ લીધા છે જે ગાંધીનગર લેબોરેટરીમાં મોકલ્યા છે રીઝલ્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરશે પોલીસ પાસે રીપોર્ટ મંગાવ્યો છે જેમાં કોણ ટેન્કર લાવ્યું, ક્યાંથી લાવ્યા, શું કામ લાવ્યા તે રીપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે પ્રાથમિક દ્રષ્ટીએ લાઈટ એસીડીક હોઈ સકે તેમ અધિકારીએ જણાવ્યું હતું

**પોલીસે વાહન કોના દબાવથી છોડી મુક્યા : કોંગ્રેસ પ્રમુખ**

જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા પણ આવેદન આપતી વેળાએ સાથે રહ્યા હતા જેઓએ મીડિયાને જણાવ્યું હતું કે ઘૂંટું ગ્રામજનોએ ટેન્કર પકડી પાડ્યાની માહિતી મળી હતી જીલ્લામાં આવા ગોરખધંધા બેફામ ચાલી રહ્યા છે.

# ચલણી નોટના નંબર પર એકીબેકી બોલી જુગાર રમતા ચાર ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના નારાયણનગર પાસે ચલણી નોટના નંબર પર એકીબેકી બોલી જુગાર રમતા ચાર શખ્સને પોલીસે પકડી પાડ્યા હતા. જ્યારે શાક માર્કેટ પાસેથી એક શખ્સ વર્લીનું બેટીંગ લેતો ઝડપાઈ ગયો હતો.જામનગરના ગુલાબનગર સામે આવેલા



નારાયણનગરના ઢાળીયા નજીક કેટલાક શખ્સો એકઠા થઈ ચલણી નોટના નંબર પર જુગાર રમતા હોવાની બાતમી સિટી-એ ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફના ખોડુભા, કે.પી. જાડેજાને મળતા પીઆઈ એન.એ. ચાવડાને વાકેફ કરાયા પછી પીએસઆઈ એમ.એન. રાઠોડ અને સ્ટાફે દરોડો પાડ્યો હતો.

તે સ્થળેથી અબ્દુલ હુસેન આમરોણીયા, વલ્લભભાઈ ગોરધનભાઈ નકુમ, અશરફ કાસમભાઈ કચ્છી, ભાવેશ મધુભાઈ ખોખર નામના ચાર શખ્સને એકીબેકી બોલતા પકડી લેવામાં આવ્યા હતા. તેઓના કબજામાંથી રૂા.૧૧,૩૪૦ રોકડા કબજે કરાયા છે.જામનગરના સુભાષ શાક માર્કેટ વિસ્તારમાં વર્લીના આંકડા લખી જુગાર રમાડતા સંજય ધરમશી સોરઠીયા નામના શખ્સને પોલીસે પકડી પાડી વર્લીના આંકડા લખેલી ચિઠ્ઠી તથા રોકડ ઝબ્બે લીધી છે.

# જામનગરમાં ટાઉન હોલથી સાત રસ્તા સર્કલ સુધીનો માર્ગ તમામ પ્રકારના વાહનો માટે બંધ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં તા. ૨૪, ૨૫-૨-૨૦૨૪ ના ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જામનગર જિલ્લાના પ્રવાસ કાર્યક્રમમાં પધારનાર હોય, આથી જામનગર શહેરના ટાઉનહોલથી સાત રસ્તા સર્કલ સુધીના રૂટ પર કોઈપણ જાતની અડચણ ઊભી ન થાય તે માટે તમામ પ્રકારના વાહનો માટે તા. ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રસ્તો બંધ કરવા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

સદરહુ જગ્યાએ ટ્રાફિક જામની સ્થિતિ નિવારવા, ટ્રાફિકને વૈકલ્પિક રસ્તાઓ પર વાળવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા મહાનુભાવની સલામતીની દષ્ટિએ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એન. ખેર દ્વારા જામનગર ગુજરાત



પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બ) અન્વયે તમામ પ્રકારના વાહનો માટે તા. ૨૪-૨-૨૦૨૪ ના ૧૫ કલાકથી તા. ૨૫-૨-૨૦૨૪ ના ૯ કલાક સુધી ટાઉનહોલથી સાત રસ્તા સર્કલ સુધીના બન્ને સાઈડના રોડ પર પ્રવેશ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. આ માર્ગના વૈકલ્પિક રૂટ તરીકે વાહનચાલકોએ સાત રસ્તા સર્કલથી લઈ એસ.ટી. બસ સ્ટેન્ડ તરફનો રૂટ તથા ટાઉનહોલ-તીનબત્તી-અંબર સર્કલ તરફનો રૂટ ઉપયોગમાં લેવાનો રહેશે.ઈમરજન્સી સેવામાં રોકાયેલ એમ્બ્યુલન્સ, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, કાર્યક્રમ અન્વયે ફરજમાં હોય તેવા વાહનો તથા ફાયર સર્વિસ તેમજ સદરહુ રસ્તા પર આવેલ સરકારી વસાહતમાં રહેતા લોકોને ખરાઈ કરી અવરજવર માટે બંદોબસ્ત ઈન્ચાર્જના સંકલનમાં રહી જરૂર જણાયે મુક્તિ આપવાની રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

### મોરબીને મળી આકાશવાણી રીલે કેન્દ્રની ભેટ

# સરકાર દ્વારા મોરબી માટે ૫ કિલોવોટનું આકાશવાણી કેન્દ્ર મંજુર કરવામાં આવતા જમીન માટે માંગણી


**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી માટે આકાશવાણીનું રીલે કેન્દ્ર મંજુર થયું છે અને આકાશવાણી માટે જમીનની માંગણી પણ કલેકટર સમક્ષ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

જાણવા મળતી વિગત પ્રમાણે, મોરબી માટે ૫ કિલોવોટનું રીલે કેન્દ્ર મંજુર કરવામા આવ્યું છે અને શરૂઆતના તબક્કે આકાશવાણી રાજકોટ અને અમદાવાદ કેન્દ્ર સાથે મોરબીને જોડવામાં આવશે,

વધુમાં મોરબી જિલ્લા કલેકટર કચેરીમાં આકાશવાણી કેન્દ્ર નિર્માણ માટે જમીનની માંગણી કરવામાં આવી હોવાનું તેમજ આ સંદર્ભે મોરબી તાલુકા મામલતદાર નીખિલભાઈ મહેતા પાસે આકાશવાણી કેન્દ્રની પ્રાથમિક માંગણી દરખાસ્ત આવી હોવાનું તેમજ હાલમાં કઈ જગ્યા ફાળવવી અને કેટલી જગ્યા ફાળવવી તે અંગેની કોઈ સ્પષ્ટતા ન હોય આકાશવાણી કેન્દ્ર પાસેથી દરખાસ્ત મંગાવવામાં આવી છે.

# ગુજરાત ડાયરેક્ટરના નેતૃત્વ હેઠળ એનસીસી કેડેટ્સ સૌરાષ્ટ્ર તટ પર સૌ પ્રથમ વખત નૌકાઅભિયાનનો હિસ્સો બન્યા






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગુજરાત,દાદરા નગર હવેલી, દમણ અને દીવ નિર્દેશાલયના એડિશનલ ડાયરેક્ટર જનરલ મેજર જનરલ રમેશ શનમુગમના નેતૃત્વ હેઠળ ગુજરાત નિર્દેશાલયનાં એનસીસી કેડેટ્સ નૌકાયન અભિયાન પર નીકળ્યા છે. સૌરાષ્ટ્રની દરિયાઈ સીમારેખામાં એનસીસી દ્વારા સૌપ્રથમ વખત ''સૌરાષ્ટ્ર નૌકાયન'' નામના આ અભિયાનનું સંચાલન થશે.અરબ સાગરમાં પોરબંદર થી દિવ સુધી લગભગ ૨૪૫ કિલોમીટર સુધીનાં આ અભિયાનમાં ૭૫ એનસીસી કેડેટ્સનો એક સમૂહ જેમાં ૩૬ છોકરીઓ અને ૩૯ છોકરાઓ સામેલ છે તેઓ ૨૧ ફેબ્રુઆરી થી એક માર્ચ ૨૦૨૪ સુધી ૧૦ દિવસની સમય મર્યાદામાં આ પડકાર જનક સાહસ ને ઉત્સાહપૂર્વક સંપન્ન કરશે.ભારતીય નૌકાદળ અને કોસ્ટ ગાર્ડ દ્વારા સમર્થિત નૌકાદળ એનસીસીની ૨૭ ફૂટ ડ્રોપ કીલ વ્હેલર નૌકાઓ આ અભિયાનમાં ભાગ લઈ રહી છે.ગુજરાત નૌસેના ક્ષેત્રના ફ્લેગ ઓફિસર રીયલ એડમિરલ અનિલ જગ્ગીએ કેડેટ્સને ઉત્સાહિત કરવા પ્રેરક સંબોધન કરીને ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ ઓપચારિક રૂપથી આ અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. આ અભિયાનનું કેન્દ્રબિંદુ એ જળ વિસ્તાર છે કે જ્યાં આઈએનએસ ખુકરી પર સવાર સાહસી શહીદોએ ૧૯૭૧ ના ભારત પાકિસ્તાન યુદ્ધ દરમિયાન પાકિસ્તાનની સબમરીનનો સામનો કરતી વખતે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું .આઈએનએસ ખુકરી દીવના સમુદ્ર તરફથી ૪૦ નોટિકલ માઈલ દુર જળસમાધિ લીધી હતી, જેમાં ૧૮ અધિકારીઓ અને ૧૭૬ નાવિકોની પ્રાણોની આહુતિ અપાઈ હતી. આ જહાજના તત્કાલીન કમાન્ડિંગ ઓફિસર કેપ્ટન મહેન્દ્રનાથ મુલ્લા, મહાવીર ચક્ર (મરણોપરાંત) એ નૌકાદળની ઉચ્ચતમ પરંપરાઓને જાળવી અને અદમ્ય સાહસ દાખવીને પોતાના જહાજને સમુદ્રમાં ગરકાવ કરવાનો નિર્ણય લીધો હતો.આ અભિયાનનો ઉદ્દેશ્ય એનસીસીના કેડેટ્સમાં અનુશાસન, નેતૃત્વ અને એકતાના મૂલ્યો સ્થાપિત કરી તેમને દરિયાઈ સૃષ્ટિ થી પરિચીત કરાવવાનો પણ છે. સ્થાનિકોના સહયોગથી આ અભિયાન અંતર્ગત એનસીસી કેડેટ્સ મહિલા સશક્તિકરણ, પુનિત સાગર સ્વચ્છતા અભિયાન , જલ સંરક્ષણ અને મતદાન અધિકાર જેવા અલગ અલગ વિષયો પર સામાજિક જાગૃતિ લાવવા નુક્કડ નાટક અને રેલીઓ પણ યોજશે.

# ભત્રીજી પર દુષ્કર્મ ગુજારવાના ગુન્હામાં કાકાને ૨૦ વર્ષની સખત કેદની સજા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલ પંથકમાં મજૂરીકામ માટે આવીને રહેતા એક શ્રમિક પરિવારની સગીર વયની પુત્રી પર તેણીના સગા કાકાએ ત્રણ વર્ષ પહેલાં દુષ્કર્મ ગુજાર્યું હતું. ભોગ બનેલી સગીરાએ સંતાનને જન્મ આપ્યો હતો. આ બાબતની પોલીસમાં ફરિયાદ થયા પછી તે કેસ ચાલી જતાં અદાલતે નરાધમ કાકાને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે અને ભોગ બનનાર સગીરાને વળતર અપાવ્યું છે.ધ્રોલ પંથકમાં આવેલા એક ગામમાં મજૂરીકામ માટે આવીને રહેતા પરપ્રાંતિય પરિવારના મોભીએ ભાગમાં વાવેતર કરવા માટે એક ખેતર રાખ્યું હતું. તે ખેતરમાં બે ભાઈ તથા તેનો પરિવાર વાવેતર કરી ગુજરાન ચલાવતો હતો. તે દરમિયાન વર્ષ ૨૦૨૧માં એક ભાઈ તથા ભાભી પોતાની પુત્રીઓને નાના ભાઈ પાસે છોડીને થોડા દિવસો માટે વતનમાં ગયા હતા.કાકા પાસે



બંને સગીરાઓ રહી ખેતીકામમાં મદદ કરતી હતી. તે દરમિયાન બનાવની રાત્રે કાકાએ તેની સગી ભત્રીજી પર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ વેળાએ નરાધમ કાકાએ કોઈને વાત નહીં કરવા ધમકી પણ આપી હતી તેથી આ સગીરા ચૂપ રહી હતી. થોડા દિવસો પછી તેણીના માતા-પિતા પરત આવી ગયા હતા. તે દરમિયાન આ સગીરાનું પેટ વધવા લાગતા માતા-પિતા હોસ્પિટલે લઈ જતાં તેણીને ૨૫ અઠવાડિયાનો ગર્ભ હોવાનું ખૂલ્યું હતું અને માતા-પિતા ચોંકી ગયા હતા.તે સગીરાને સાંત્વના આપી પૂછપરછ કરાતા તેણીએ પોતાના સગા કાકાએ દુષ્કર્મ ગુજાર્યાની કેફિયત આપી હતી અને તે પછી સગીરાએ સંતાનને જન્મ પણ આપ્યો હતો. આ મામલો પોલીસ મથકે પહોંચતા પોલીસે આઈપીસી ૩૭૬ (૨) તેમજ પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધી નરાધમ કાકાની ધરપકડ કરી હતી.

ઉપરોક્ત કેસ જામનગરની ખાસ પોક્સો અદાલતમાં ન્યાયમૂર્તિ આરતી એ. વ્યાસ સમક્ષ ચાલવા પર આવ્યો હતો. જેમાં સરકાર તરફથી રોકાયેલા પીપી ભારતીબેન વાદીએ કરેલી દલીલો ગ્રાહ્ય રાખી અદાલતે આરોપી કાકાને તક્સીરવાન ઠરાવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧૫ હજારનો દંડ ફટકાર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ ૬ મહિનાની કેદની સજા ફરમાવાઈ છે અને ભોગ બનનાર સગીરાના સંતાનને કમ્પેઈન્સેશનમાંથી રૂા.૪ લાખ વળતર પેટે ચૂકવી આપવા અદાલતે હુકમ કર્યો છે

# આસોદર-લુવારિયા-ઈંગોરાળા રોડના રિસર્ફેસિંગ કામનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા

**મુખ્ય સમાચાર, આદીલખાન પઠાણ**

**બાબરા:** આસોદર-લુવારિયા-ઈંગોરાળા રોડના રિસર્ફેસિંગ કામનું ખાતમુહુર્ત ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા ના વરદ હસ્તે કરવામાં આવ્યું: જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતભાઈ સુતરીયા ની પ્રેરક ઉપસ્થિતિ માં ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાયો હતો.

આસોદર- લુવારિયા- ઈંગોરાળા વચ્ચેના સાત વર્ષ જૂના ડામર રોડને રીસર્ફેસ કરી બનાવવામાં આવશે,આગામી દિવસોમાં વહેલી તકે કામગીરી ગુણવત્તા યુક્ત રીતે પૂર્ણ થશે રૂપિયા ૨ કરોડના ખર્ચે આસોદર- લુવારિયા- ઈંગોરાળા રોડ રિસરફેસ કરવામાં આવશે, અંદાજે ૯,૦૦૦ મીટર રોડની કામગીરી વહેલી તકે શરૂ કરવામાં આવશે સમગ્ર ગુજરાત રાજ્યમાં વિકાસના કાર્યો પુર જોશથી ચાલી રહ્યા છે ત્યારે લાઠી બાબરાના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા ની ઉપસ્થિતિમાં લાઠી તાલુકાના આસોદર- લુવારિયા- ઈંગોરાળા સુધી પાકા ડામર




રોડને આશરે સાત વર્ષ પૂર્ણ થતાં નવા રિસફેસિંગ કરવાના ખાતમુહૂર્તનો કાર્યક્રમ વિધિવત રીતે યોજાયો હતો જિલ્લા પંચાયત માર્ગ અને મકાનની રૂપિયા ૨ કરોડની અનુદાનની રકમ માંથી આસોદર- લુવારિયા- ઈંગોરાળા રોડ રિસરફેસ કરવામાં આવશે અંદાજિત ૯,૦૦૦ મીટરની લંબાઈ વાળા રોડની રિસરફેસ કરવાની કામગીરી ટુંક જ સમયમાં શરૂ કરવામાં આવશે, આગામી દિવસોમાં વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે, આસોદર ખાતે રોડ રિસર્ફેસિંગ કામના ખાતમુહુર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા એ ગ્રામજનો સાથે ચર્ચા કરી રોડનું કામ ગુણવત્તા યુક્ત થાય તે અંગેની તકેદારી રાખવા જણાવ્યું હતું.લાઠી તાલુકાના આસોદર ગામે રોડ રિસર્ફેસિંગ કામના ખાતમુહુર્ત પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, લાઠી તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાવલિયા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મગનભાઈ કાનાણી, કારોબારી ચેરમેન હિંમતભાઈ એવિયા, સંજયભાઈ પરમાર, રાવતભાઈ ગરણિયા, જિલ્લા બક્ષિપંચ મોરચાના પરેશભાઈ સરવૈયા, લુવારિયાના પૂર્વ સરપંચ પ્રતાપભાઈ ખુમાણ, ધીરુભાઈ અકબરી, ઈંગોરાલા ના પૂર્વ સરપંચ દિનેશભાઈ જસાણી, આસોદર- લુવારિયા- ઈંગોરાળા ગામના આગેવાનો, ગ્રામ પંચાયતના સદસ્યો, માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઇજનેર શ્રી તુલેશભાઈ પડસાલા સહિતના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા..

# જામનગરના સર્કિટ હાઉસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનના પગલે પી.એમ.ઓ. ઓફિસના એસ.પી.જી. આર. આર. ભગતનું આગમન





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સર્કિટ હાઉસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનના પગલે પી.એમ.ઓ. ઓફિસના એસ.પી.જી. આર. આર. ભગતનું આગમન.ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૪ ફેબ્રુઆરીએ જામનગરના મહેમાન બનશે, અને સર્કિટ હાઉસમાં તેઓના રાત્રે રોકાણનો કાર્યક્રમ યોજાયો છે, ત્યારે સમગ્ર સર્કિટ હાઉસ પરિસર, અને તેના આસપાસના વિસ્તારમાં સજ્જડ સુરક્ષા પહેરો ગોઠવી દઇ સમગ્ર વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

પી.એમ.ઓ. ઓફિસના એસ.પી.જી.ના આઈ. જી. આર. આર. ભગતનું આજે જામનગરમાં આગમન થયું હતું, અને તેઓએ સર્કિટ હાઉસ પરિસરમાં સમગ્ર વ્યવસ્થા નું નિરીક્ષણ કર્યું હતું. આવેળા એ તેઓની સાથે રાજકોટ રેંજના આઈજીપી અશોકકુમાર યાદવ, જામનગરના એસ.પી. પ્રેમસુખ ડેલુ તથા અન્ય પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથો સાથ જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદી તથા મહાનગરપાલિકાના અન્ય અધિકારીઓ ફાયર શાખાની ટીમ વગેરે દ્વારા પણ સ્થળ પર નિરીક્ષણ કરીને જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી.

# વિશ્વકર્મા જયંતિની શહેરમાં આસ્થાભેર ઉજવણીઃભગવાનની શોભાયાત્રા નિકળી




ગઈકાલે સૃષ્ટિના રચયિતા ભગવાન વિશ્વકર્માની જયંતિની રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આસ્થાભેર ઉજવણી કરાઈ હતી. રાજકોટમાં ખડપીઠમાં આવેલા વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે શ્રધ્ધાળુઓની ભીડ સવારથી જ ઉમટી હતી. વિશ્વકર્મા પ્રભુના દર્શન કરી ભક્તો ભાવવિભોર બન્યા હતા. આ દિવ્ય પ્રસંગે અનેક સ્થળોએ મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. આ સાથે પ્રાગટ્ય દિને હવન, પુજા અર્ચન તેમજ ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો. બપોર બાદ ભગવાન વિશ્વકર્માની વિશાળ શોભાયાત્રા શહેરના રાજમાર્ગો પર નિકળી હતી. જેમાં પણ ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## રાજકોટ રેલ્વે ડિવિઝન દ્વારા વિદ્યાર્થીઓ માટે નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નરેન્દ્ર મોદી ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ભારતીય રેલવેના ૫૫૪ રેલવે સ્ટેશનોના પુનઃવિકાસનો શિલાન્યાસ કરશે અને ૧૫૦૦ રોડ ઓવર બ્રિજ/અંડરપાસના અંદાજે રૂ. ૪૧૦૦૦ કરોડ ની લાગત ના કામોનું શિલાન્યાસ અને રાષ્ટ્ર ને અર્પણ કરશે. આ પ્રસંગે, અમૃત સ્ટેશન યોજના હેઠળ, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન ના રાજકોટ, જામનગર,



મોરબી, દ્વારકા, ઓખા, ખંભાળિયા, હાપા, કાનાલુસ, ભાટિયા, વાંકાનેર અને થાન અને પડધરી, વિવિધ ૧૨ સ્ટેશનો પર કુલ ૭૪ શાળાઓમાં ધોરણ ૫ થી ૧૨ વર્ગો ના વિદ્યાર્થીયો માટે નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાની થીમ ''૨૦૪૭ નું વિકસિત અને ભારતીય રેલવે'' હતી જેમાં કુલ ૭૯૪૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓના વિજેતાઓને ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રાજકોટ ડિવિઝનના સ્થળો/સ્ટેશનો પર આયોજિત થનારા સ્થાનિક કાર્યક્રમોમાં ઉપસ્થિત મુખ્ય મહેમાનો દ્વારા સન્માનિત કરવામાં આવશે.

## સ્વામિનારાયણ ચોક પાસે કલીનીકમાં મહિલા પર તબીબ આચર્યુ દુષ્કર્મ

### દીકરી સાથે માવતરના ઘરે રીસામણે બેઠેલી ૩૦ વર્ષીય મહિલાએ માલવીયાનગરમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં દીકરી સાથે ૮ માસથી રીસામણે આવેલી ૩૦ વર્ષીય મહિલાએ સ્વામીનારાયણ ચોક પાસે કૃષ્ણનગર મેઈન રોડ ઉપર વૃંદાવન એપાર્ટમેન્ટમાં ક્લિનિક ચલાવતા ડોક્ટર એલ.જી.મોરી સામે માલવિયાનગર પોલીસ મથકમાં વારંવાર દુષ્કર્મ આચરી, બદનામ કરવાની અને મારી નાખવાની ધમકી આપવા અંગે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં તેણીએ જણાવ્યું હતું કે સાત મહિના પૂર્વે મને તાવ આવતો હોવાથી હું ડોક્ટર મોરીના ક્લિનિકએ દવા લેવા ગઈ હતી ત્યારે મારું સરનામું અને મોબાઈલ નંબર એક કાગળમાં લખ્યા હતા ડોક્ટરએ દવા આપી ક્લિનિકનું કાર્ડ આપ્યું હતુ અને બે દિવસ પછી ફોન કરી બતાવવા આવજે તેમ કહ્યું હતું જેથી બે દિવસ પછી ફોન કરત હું અઢી વાગ્યે ફોન કરું એટલે બતાવવા આવજે તેમ કહેતા હું એકલી ગઈ હતી કેબીનમાં બોલાવી શું કામ કરે છે તેમ પૂછતાંઃ શ મેં ઈમિટેશનનું તું કામ કરું છું તેવું જણાવ્યું હતું બાદમાં હું તને સારી નોકરી અપાવી દઈશ તેમ કહી કઈ તકલીફ છે તેમ પૂછતાં પેટમાં તકલીફ હોવાનું કહેતા મને સુવડાવી તપાસવા લાગેલ અને બળજબરીથી શરીર સંબંધ બાંધી લીધો હતો અને જો કોઈને કહીશ તો તારા ઘરનું એડ્રેસ મારી પાસે છે ત્યાં આવી તને બદનામ કરીશ તેવી ધમકી આપી હતી. છ દિવસ પછી નોકરી માટે વાત કરવા આવ તેમ કહેતા હું દીકરીને સાથે લઈ જતા તેણીને ચોકલેટ આપી બહાર બેસાડી ફરી બળજબરીથી સંબંધ બાંધી લીધો હતો અઠવાડિયા પછી ફોન કરી મેં તારી સાથે ખોટું કર્યું છે હું તારી માફી માંગુ છું ક કહી તારી નોકરીનું થઇ ગયું છે. અઢી વાગ્યે આવજે તેમ કહેતાત્યાં જતા માફી માંગી હતી બાદમાં ગત ૫ તારીખે ફોન કરી બપોરે મિત્ર કિક્લનિકએ આવશે તું વાત કરવા આવજે તેમ કહેતા હું જતા ફરી શરીર સંબંધ બાંધી થાય તે કરી લેજે જો કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા અંતે ફરિયાદ નોંધાવી હતી આ અંગે પીએસઆઈ એમ એસ મહેશ્વરી સહિતે તપાસ હાથ ધરી છે.

## પેડક રોડ પર બ્રાહ્મણીયાપરામાં વીજ શોક લાગતા વૃધ્ધાનું બેભાન હાલતમાં મોત

### પોપટપરામાં ઘર પાસે ચાલીને જતા વૃધ્ધા પડી જતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પેડક રોડ ઉપર આવેલા બ્રાહ્મણીયાપરામાં રહેતા વૃદ્ધા વોશિંગ મશીન ચાલુ કરતા હતા. ત્યારે અકસ્માતે વીજશોક લાગતા બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા વૃદ્ધાનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ પેડક રોડ ઉપર આવેલા બ્રહ્માણીયાપરા વિસ્તારમાં રહેતા મંજુબેન ભાનુભાઈ કેરાળીયા નામના ૫૮ વર્ષના વૃદ્ધા પોતાના ઘરે હતા ત્યારે સવારના સાડા દસેક વાગ્યાના અરસામાં વોશિંગ મશીન શરૂ કરવા જતા વીજશોક લાગ્યો હતો. વૃદ્ધા બેભાન હાલતમાં ઢળી પડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં વૃદ્ધાનું ટૂંકી સારવારમાં મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. મૃતક વૃદ્ધાને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બીજા પોપટપરામાં રહેતા ખીમીબેન ૬૫ વર્ષના પૂર્વે સવારના નવેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે ચાલીને જઈ રહ્યા હતા ત્યારે અકસ્માતે ગબડી પડયા હતા. વૃદ્ધાને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં વૃધ્ધાનું મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ભક્તિનગર, પ્ર.નગર અને ગાંધીગ્રામ પોલીસ મથકોમાં સેકન્ડ પીઆઈ તરીકે ત્રણની પીઆઈની નિમણુંક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં તાજેતરમાં ૨૭ માસની તાલીમ પૂર્ણ કરી ૩૧ બિનહથિયારી પીઆઈને ફિલ્ડ તાલીમ માટે અલગ અલગ જિલ્લામાં બદલી આપવામાં આવી હતી જેમાં રાજકોટમાં ત્રણ પીઆઈને પોસ્ટિંગ આપવામાં આવ્યું હતું. જે ત્રણ પીઆઈને ભક્તિનગર,પ્ર.નગર અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં સેકન્ડ પીઆઇ તરીકે મૂકવામાં આવ્યા છે.

પોલીસમાંથી મળતી વિગતો મુજબ ૨૭ માસની તાલીમ પૂર્ણ કરીને ફિલ્ડ તાલીમ માટે રાજકોટ પોસ્ટિંગ પામેલા પીઆઈ બી.બી. જાડેજા એસ. વી. ગિલવા અને પી. આર. ડોબારીયાને સેકન્ડ પીઆઈ તરીકે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા અલગ અલગ પોલીસ સ્ટેશનમાં નિમણૂક કરવામાં આવી છે. જેમાં પીઆઈ બી.બી. જાડેજાને ગાંધીગ્રામ પોલીસમાં ,પીઆઈ એસ. વી. ગિલવાને ભક્તિનગર પોલીસમાં અને પી.આર. ડોબારીયાને પ્રદ્યુમન નગર પોલીસમાં સેકન્ડ પીઆઈ તરીકે મૂકવામાં આવ્યા છે. જેમાં તમામ પિઆઈને ફિલ્ડ ટ્રેનિગ મળી રહેશે.

## રાજકોટના સોની વેપારીએ રાપરની બાળાને સોનાની વિટી આપવાની લાલચ આપી અડપલા કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રેલનગર મેઈન રોડ પર ભગવતી હોટલની પાછળ શ્રી શાશ્વત પાર્ક, દ્વારકેશ રેસિડેન્સીમાં રહેતા અને સોના, ચાંદીના દાગીનાનો વેપાર કરતા શખસે ગત મંગળવારે રાત્રિના સાડ નવ વાગ્યાના અરસામાં એક આઠ વર્ષ ૧૧ મહિનાની બાળાને સોનાની વીંટી પહેરાવવાની લાલચ આપી રૂમમાં બંધ કરી તેની સાથે છેડતી અને અડપલાં કર્યાની ઘટના આજે સાંજે પોલીસ સમક્ષ જાહેર કરાતાં પોલીસે આરોપી સામે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવાની તજવીજ હાથ ધરી હતી.

રાપરના ઓસવાળ ભુવનમાં આશ્રિત થયેલા અને મૂળ રાજકોટના રેલનગર મેઈન રોડ પર ભગવતી હોટલની પાછળ શ્રી શાશ્વત પાર્ક દ્વારકેશ રેસિડેન્સીમાં રહેતા ગિરીશ શંભુલાલ આડેસરા નામના સોની શખસ સોના - ચાંદીની વીંટી જેવો માલસામાન વેંચવા માટે આવ્યો હતો. જ્યાં તેણે મંગળવારની રાત્રિના ઓસવાળ ભુવનમાં એક આઠ વર્ષ ૧૧ મહિનાની બાળાને સોનાની વીંટી પહેરાવવાની લાલચ આપી તેના રૂમમાં લઈ ગયો હતો. ત્યારપછી ગિરીશ આડેસરાએ રૂમ બંધ કરી બાળા સાથે છેડતી અને શારીરિક અડપલાં કર્યા હતા. ત્યારપછી ગિરીશ આડેસરા પરત રાજકોટ નાસી ગયો હતો.

આ બનાવ અંગે બાળાની માતાને જાણ થતાં તેઓએ સમાજના આગેવાનો સાથે વાતચીત કર્યા પછી આજે સાંજના સુમારે રાપર પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.બી. બુબડિયા સમક્ષ હકીકત જણાવતા પોલીસ અધિકારીએ કેસની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક રાજકોટના ગિરીશ શંભુલાલ આડેસરા (સોની) વિરુદ્ધ આઈપીસી ૩૫૪(એ) તથા પોક્સો એક્ટની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## માધાપર ચોકડી પાસે સસરાની દુકાનમાં જમાઈ સહિત પાંચ શખ્સોએ તોડફોડ કરી આતંક મચાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માધાપર ચોકડી પાસે આવેલી પ્રૌઢની વિશ્વા પાન સેંટર અને વિશ્વા એન્ટરપ્રાઈઝ નામની ઝેરોક્ષની દુકાનમાં જમાઈ અને તેની સાથે આવેલા બીજા પાંચ શખ્સએ તોડફોડ કરી નુકશાની કરી હતી.આ મામલે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની માહિતી મુજબ માધાપર ચોકડી સિંધોઈ નગર શેરી નં-૦૨માં રહતા કરશનભાઈ જીવણભાઈ જંજવાડીયા(ઉ.વ.૫૨)એ પોતાની ફરિયાદમાં જમાઈ અભય હસમુખભાઈ સંથેસરીયા અને તેની સાથેના બીજા પાંચ શખ્સોનું નામ આપતા તમામ સામે રાયોટિંગ અને નુકશાનીની કલમ હેઠળ ગુન્હો નોંધ્યો છે.કરશનભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ઘર નજીક વિશ્વા પાન સેંટર અને વિશ્વા એનટરપ્રાઈઝ નામની ઝેરોક્ષની દુકાન ચલાવુ છું. જમાઇ અભય હસમુખભાઈ સંથેસરીયા મારા દિકરા રવીની સાથે મારી દીકરી જલ્પા ને અહીં પિયરમા લગ્નપ્રસંગમાં મોકલવા બાબતે ફોન પર વાતચીત કરી ફોનમા ગાળા ગાળી કરી હોય જે બાબતેનો ખાર રાખી તા.૨૧ રોજ રાત્રીના નવેક વાગ્યા આસપાસ માધાપર ચોકડીએ મારા સગા ધીરુભાઈ બાબરીયાને ત્યા હતો ત્યારે મારા પાડોશી સિંધવ ધીરૂભાઈનો મને ફોન આવ્યો અને કહ્યું કે તમારા જમાઈ અભય અને તેમના સાગરીતો કારમાં આવ્યા અને અને તમારી વિશ્વા એન્ટરપ્રાઇઝમાં અંદર ઘુસી પથ્થરથી તોડ ફોડ કરી છે.ત્યાં લેપટોપ પણ તોડી નાખેલ છે.

જેથી ત્યાં તપાસ કરતા ઝેરોક્ષ મશીન,લેપટોપ, કોમ્પ્યુટર તથા અન્ય સામાન વેર વિખેર અને તુટેલ હાલતમાં હતો અને દુકાનના કાચ પણ તુટેલ હાલતમાં હતા અને હુ ગયેલ તે પહેલા આ લોકો ત્યાથી તેની કારમાં ભાગી ગયા હતા.આ મામલે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## સોઢા નર્સિંગ કોલેજમાં વિદ્યાર્થીને મારમારી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરનાર શિક્ષકની હકાલપટ્ટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સોઢા નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતાં છાત્રને માફીપત્ર લખવા મામલે કોલેજના શિક્ષક સહીત ૪ શખસોએ ઢીકાપાટુનો માર મારી છરી બતાવી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યાની ફરીયાદ નોંધાતા સંચાલકો દ્વારા શિક્ષકને છુટ્ટા કરી દેવામાં આવ્યા છે.

મૂળ જસદણના શિવરાજપુર ગામનો અને હાલ જામનગર રોડ ઉપર આવેલ પરાપીપળીયા ગામે સોઢા ઇન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગની હોસ્ટેલમાં ૩ માસથી રહી ત્રણાખના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં સુનિલ જેન્તીભાઈ પરમાર ઉ.૨૦એ શિક્ષક જય જોષી, છાત્ર મનન જોષી, લક્કી અને એક અજાણ્યા સાહેબ સામે ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈ ૨૦ તારીખે કોમ્યુનીટી હેલ્થ નર્સિંગના સાહેબ જય જોષીએ આવી સવારે પ્રાર્થનામાં મોડો પહોંચેલ તે બાબતે એપોલોજી મેમો લખીને આપવાનો છે તેમ કહેતા હું આપુ છુ તેમ કહેતાં તેણે ગાળ દઈને મેડમ પાસે લઈ જઈ પિતાને ફોન કર્યો હતો બાદમા જય સાહેબે સ્ટાફ રૂમમા બોલાવી અન્ય મનન જોષીએ કહેલ કે, સાંજે છુટ અને બહાર મળ તને બહુ હવા છે ને તેમ કહી જતો રહ્યો હતો સાંજે તેના મિત્ર સાથે કોલેજ બહાર નીકળ્યો ત્યારે જય જોષી, મનન જોષી, લક્કી સાહેબ તેમજ એક અજાણ્યાં સાહેબએ એઈમ્સ રોડ ઉપર પુલ પાસે લઈ જઈ જયએ તું શું હવા કરતો હતો હવે બોલ કહી ચારેયએ ઢિકાપાટુનો માર મારી જય જોષીએ બેગમાથી છરી કાઢી અને કહેલ કે, અમે તમારા જેવાને બોલાવતા પણ નથી કહીં જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી ચારેય નાસી છૂટ્યા હતાં જેથી છાત્ર પોતાના ગામ જતો રહ્યો હોય દુખાવો થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં એટ્રોસિટી, મારકૂટ, ધમકી સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવતા એસીપી ભાર્ગવ પંડયાએ વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે સોઢા નર્સિંગ ઈન્સ્ટીટયુટના ટ્રસ્ટી કિશોરસિહ સોઢાએ જણાવ્યું હતું કે બનાવ કેમ્પસથી દુર બન્યો છે છતાં શિક્ષકે વિદ્યાર્થીઓને સમજાવવા જોઈએ આ પ્રકરણમાં જયેશ જોષી એક શિક્ષક છે તેને અમે છુટા કરીએ છીએ અન્ય ત્રણ છાત્રો સામે પણ પગલા લેવાશે છાત્રોને કેમ ટેકલ કરવા તે અંગે શિક્ષકોને પણ સમજુતી આપીએ છીએ.

## હાઈકોર્ટમાં હાજર નહિ રહેતા ગાંધીગ્રામ પોલીસના તપાસ અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી કરવા હુકમ

### આગોતરા જામીન અરજીની બે મુદતમાં તપાસના કાગળો સાથે હાજર ન થયાઃ પોલીસ કમિશનરને જરૂરી પગલાં લઈ ખુલાસો કરવા આદેશ કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના શીતલ પાર્ક ચોક પાસે આવેલ સૈફાયર હાઈટસ બિલ્ડીંગના કન્સ્ટ્રકશન સાઈટ ખાતે એક મજુરનું પડી જવાથી મૃત્યુ થયેલ બનાવ સંદર્ભે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન દ્વારા કોન્ટ્રાક્ટર સુરેશ દેવાભાઈ મકવાણા વિરૂધ્ધ રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીએ આઈ.પી.સી. કલમ ૩૦૪, ૧૧૪ મુજબની લેખિત ફરીયાદ કરેલી. આરોપી સુરેશ દેવાભાઈ મકવાણાએ રાજકોટ ની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરેલ જે અરજી રાજકોટ સેશન્સ કોર્ટ દ્વારા આગોતરા જામીન અરજી નામંજુર થતા હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરેલી.અ કરેલી.આ કેસ ચાલવા પર આવતા હાઈકોર્ટ દ્વારા તપાસ અધિકારીને તપાસના કાગળો સાથે તા. ૩૦/૦૧/૨૦૨૪ ના રોજ હાજર રહેવાનો આદેશ કરેલો હતો. તપાસ કરનાર અધિકારી મુદત તારીખના દિવસે હાજર રહેલ ન હા કે તેમના તરફે કોઈ તપાસનો રીપોર્ટ રજુ કરેલ ન હતો.ફરીથી હાઈકોર્ટ દ્વારા તપાસ અધિકારીને તા. ૧૪/૦૨/૨૦૨૪ ના રોજ હાજર રહેવાનો હુકમ કરેલો હતો. પરંતુ તપાસ કરનાર અધિકારી હાજર રહેલ ન હતા. જેથી હાઈકોર્ટે તે બાબતની ગંભીર નોંધ લઈને હાઈકોર્ટની રજીસ્ટ્રીને એવો આદેશ કરેલ કે તપાસ કરનાર અધિકારીને આઈ.પી.સી. કલમ ૧૭૪ મુજબ શા માટે તપાસ કરનાર અધિકારી કોર્ટમાં આવેલ નથી તેનો ખુલાસો પુછવા અને સાથે એવો પણ આદેશ કરેલ છે કે રાજકોટના પોલીસ કમિશ્નરે આ બાબતે જરૂરી પગલાં લેવા અને તેનો ખુલાસો અત્રેની અદાલતને તા. ૨૩/૦૨/૨૦૨૪ સુધીમાં કરવો. આમ પોલીસની ગંભીર બેદરકારી સબબ હાઈકોર્ટ દ્વારા તપાસ કરનાર અધિકારી વિરૂધ્ધ આઈ.પી. સી. કલમ ૧૭૪ મુજબની કાર્યવાહી કરવાનો આદેશ કરેલ છે.

આ કામે આરોપી વતી ગુજરાત હાઈકોર્ટમાં વકીલ મેહુલભાઈ એસ. પાડલીયા તથા રાજકોટ ખાતે અશ્વિન ડી. પાડલીયા, રાહુલ બી. મકવાણા, રવિરાજ રાઠોડ, ભાર્ગવ બોડા, રોકાયેલા છે.

## ચલાલા પોલીસ મથકના પોલીસ કર્મી.નું ચાલુ ફરજે બેભાન થઈ જતા મોત

**મુખ્ય સમાચાર, અમરેલી**

ચલાલા પોલીસ સ્ટેશનમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવતા કર્મચારી બગસરા તપાસમાં ગયા હતા તે દરમિયાન ચાલુ ફરજે તેમને માત્ર ૩૧ વર્ષની ઉમંરે હાર્ટ એટેક આવી જતા તેમનું મૃત્યુ થયું હતું. ઘટનાના પગલે પોલીસ બેડામાં શોકની લાગણી વ્યાપી જવા પામી છે. ચલાલા પોલીસ સ્ટેશનમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવતા કર્મચારી નજુભાઈ ભગુભાઈ વાળા (ઉ.વ.૩૧) ગત રાત્રિના સમયે ગુનાની પાસ માટે સરકારી બોલેરો ગાડીમાં સહ કર્મચારી સાથે તપાસ માટે ગયા હતા તે દરમિયાન ચાલુ ફરજે તેમને અચાનક જ હાર્ટ એટેક આવી જતા ૧૦૮ મારફતે સારવાર માટે પ્રથમ બગસરા અને ત્યાંથી વધુ સારવાર માટે અમરેલી ખસેડાયા હતા જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાના પગલે પોલીસબેડામાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.



## રૈયા રોડ પર નિવૃત્ત બેંક કર્મચારી અને રામપરા ગામે ચાલુ કલાસે શિક્ષકનું હાર્ટ ફેઈલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં હાર્ટએટેકથી મૃત્યુની વધુ બે ઘટના સામે આવી છે. રાજકોટમાં નિવૃત બેન્ક કર્મચારી અને ચોટીલાના રામપરા ગામે પ્રાથમિક શાળાના શિક્ષકનું ચાલુ ફરજે હૃદયરોગના હુમલાથી મોત થયાનો બનાવ બન્યો હતો.

આ અંગેની માહિતી મુજબ રૈયા રોડ ઉપર રહેતા નિવૃત બેન્ક કર્મચારી રાજેન્દ્રભાઈ રમેશચંદ્ર ઠક્કર નામના ૬૦ વર્ષના વૃદ્ધ બપોરના જમ્યા બાદ પોતાના ઘરે બેઠા હતા ત્યારે તેમને અચાનક હૃદયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં સારવાર માટે ખસેડાયા હતા જ્યાં સારવાર મેળે તે પૂર્વે જ તેમનું મોત થયું હતું. રાજેન્દ્રભાઈ ઠક્કર નિવૃત્ત બેન્ક કર્મચારી હતા અને તેમને સંતાનમાં એક પુત્ર છે ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.



બીજા બનાવમાં ચોટીલા તાલુકાના પિયાવા ગામે રહેતા અને ચોટીલાના રામપરા ગામે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા મનુભાઈ લઘરાભાઈ સોઢા (ઉ.વ.૫૧) શાળામાં ફરજ ઉપર હતા ત્યારે બપોરના એકાદ વાગ્યાના અરસામાં તેમને અચાનક હૃદયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડયા હતા સહ કર્મચારી દ્વારા મનુભાઈને સારવાર માટે ચોટીલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર મળે તે પૂર્વે જ મનુભાઈ સોઢાનું મોત થયું હતું. મનુભાઈ સોઢા બે ભાઈ ચાર બહેનમાં મોટા હતા. તેમને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે.

# માણાવદરના રઘુવીપરામાં ભરબપોરે યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા

## યુવાન લગ્ન પ્રસંગમાં જમવા માટે ગયો ને બે શખ્સોએ જૂના ઝઘડાનો ખાર રાખી હુમલો કર્યો: સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માણાવદરના રઘુવીરપરા - વિસ્તારમાં બપોરે બે વાગ્યા આસપાસ જૂના મન દુખમાં છરીના ઘા મારતા સારવાર દરમિયાન યુવાનનું મોત નિપજ્યું હતું. સમગ્ર પંથકમાં સનસનાટી મચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ રઘુવીરપરામાં લગ્ન પ્રસંગમાં જમવા માટે ગયેલા હતા ત્યારે બે શખ્સોએ રસ્તામાં જગદીશ ઉલવા (ઉ.વ.૩૬) ઉફર છરીવડે હુમલો કરેલ આ શખ્સોએ મરણ જનાર ઉપર રેકી કરતા હતા રસ્તામાં લાગ જોઈ હુમલો કરેલ જેને સારવાર- અર્થે જૂનાગઢ ખસેડાયેલ જ્યાં સારવાર



દરમિયાન મૃત જાહેર કરાયેલ આ મૃતક જગદીશભાઈ ઉલવા અનુસુચિત જનજાતિ મોરચાના પ્રમુખ હતા જગદીશભાઈ અને હુમલાખોરો વચ્ચે અગાઉ મતભેદોના કારણે હુમલા થયાનું જાણવા મળ્યું છે. જગદીશભાઈ ઉપર અગાઉ હુમલો થયેલો ત્યારે તે બાબતે માણાવદર પો.સ્ટે.માં અરજી કરી હતી આ હત્યાની ઘટનાની જાણ થતા માણાવદર પોલીસે હત્યારાઓને પકડવા તજવીજ હાથ ધરી છે. સાંજે ૬ સુધી હજુ એફઆઈઆર નોંધાઈ નથી. માણાવદર દિન પ્રતિદિન ગુન્હેગારો આશ્રયસ્થાન વધતા જાય છે. તે અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

# થાનના સોનગઢની સીમમાં યુવાનની હત્યા કરાયેલી લાશ મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થાનગઢ પંથકમાં સોનગઢની સીમમાં અજાણ્યા પુરુષ ની હત્યા કરાયેલ લાશ મળી આવતા મરનાર અને મારનાર પોલીસ માટે કોયડો બનેલ છે હાલ થાન પોલીસે હત્યાનો ગુનો નોંધી ઘટનાનાં ભેદભરમ ખોલવા કમર કસી છે.

મળતી માહિતી મુજબ થાનગઢના સોનગઢ ચાંદલીયા ગામની સીમમાં ખરા વિસ્તાર તરફ ઓડિયોમાં જવાના રસ્તે ધોળી ઓળખી પાસે આવેલ ખાણમાં એક અજાણ્યા પુરુષનો મૃતદેહ પડયો હોવાની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયેલ હતો મૃતકને અજાણ્યા હત્યારાએ તિક્ષ્ણ છરીના છાતી અને પડખામાં આડેધડ ઘા મારી ક્રુરતા અને ખુન્નસ ભરી હત્યા કરાયેલ છે જે જોતા કહેવત કોઈ બાબતે હત્યા નિપજાવી હોય તેવી શક્યતા રહેલી છે મરણજનારની ઓળખ થાય તેવી કોઈ ચીજવસ્તુ કપડા કે આજુબાજુ થી કંઇ સુરાગ હાથ લાગેલ નથી ભોગ બનનાર ની ઓળખ મેળવવા મૃતકનાં હાથમાં અંગ્રેજીમાં વી. ડી લખેલ છે જેના આધારે કોઈ ઓળખ કે કોઈ ગુમ નોંધ અંગે પણ તપાસ પોલીસ કરી રહેલ છે.

મૃતકની હત્યા એક બે દિવસ પહેલા થયાનું પ્રાથમિક અનુમાન છે ત્યારે ઘટના સ્થળનું એફએસએલ અને ફોરેન્સિક પીએમ માટે તજવીજ ધરાયેલ છે.અજાણ્યા હત્યારા આરોપી દ્વારા અજાણ્યા વ્યક્તિની ભેદભરમ ભરેલ હત્યા કરાતા પોલીસ માટે પડકારજનક બનાવ બનેલ છે અને આજુબાજુ વિસ્તારના લોકોની પુછપરછ કરી હત્યા અને આરોપીઓ ભેદ ઉકેલવા દોડધામ આદરેલ છે.

# રેલનગરમાં બંધ મકાનમાંથી રૂા.૩.૪૩ લાખની મતાની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

## પ્ર.નગર પોલીસે ગણતરીના દિવસોમાં ચોરીનો ભેદ ઉકેલી નાંખી અન્ય એક તસ્કરની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગરમાં સાંઈબાબા સોસાયટી શેરી નં.૪માં રાધે કૃષ્ણ મકાનમાં રહેતાં દિપકભાઇ નારણભાઈ ચાવડા અને તેના ભાઈના ઘરે થી રૂ.૩.૫૩ લાખની ચોરી થઈ હતી. પરિવાર ભગવતીપરામાં ખોડિયારનગરમાં રહેતાં તેના ભાણેજના લગ્નમાં ગયા અને ૭ કલાક બંધ રહેલા મકાનમાં ચોરીનો બનાવ બન્યો હતો.

આ અંગેની માહિતી મુજબ પ્ર. નગર પોલીસ મથકના પીઆઈ ભાર્ગવ ઝણકાટ અને ટીમે તપાસ કરતાં સીસીટીવી ફૂટેજને આધારે ચોરીમાં ભાવનગરના નામચીન આદિલ ઉર્ફે તપેલીની સંડોવણી હોવાનું ખૂલ્યું હતું જેના આધારે રેલનગર અંદરબ્રિજ પાસેથી ભાવનગરના એકતાનગર શેરી નં.૨માં રહેતા આદિલ ઉર્ફે તપેલી ઉર્ફે સુલતાન મહેબૂબ મલેકને ઝડપી લઈ આ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો. આદિલ ઉર્ફે



તપેલી પાસેથી રૂ.૧.૭૬ લાખના ચોરાઉ દાગીના મળી આવ્યા હતા. તેણી પૂછપરછમાં આ ચોરીમાં તેની સાથે ભાવનગરનો સાહિલ ઉર્ફે નનો હનીફ કળદોરીયા સડોવાયેલ હોવાનું ખૂલતાં તેની શોધખોળ હાથ ધરી હતી. બંને તસ્કર ભાવનગરથી રાજકોટ આવી રખડતાં રખડતાં બંધ મકાન હોય તેમ ત્રાટકી ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. બંને ચોરી કરી સુરત નાસી છૂટ્યા હતાં અને ત્યાં મોજમજા કરી આદિલ રાજકોટ આવ્યો અને ઝડપાઈ ગયો હતો. આદિલ ઉર્ફે તપેલી સામે ભાવનગર અને રાજકોટમાં ૧૮ ગુના નોંધાયેલ છે.રાજકોટના રેલનગરમાં સપ્તાહ પૂર્વે થયેલી રૂ.૩.૫૩ લાખની ચોરીનો ભેદ પ્ર. નગર પોલીસે ઉકેલી નાખી ભાવનગરના નામચીન તસ્કર આદિલ ઉર્ફે તપેલીની ધરપકડ કરી રૂ.૧.૭૬ લાખના દાગીના કબજે કર્યા હતા. તેમજ ચોરીમાં સંડોવાયેલો અન્ય તસ્કર સાહિલ ઉર્ફે નનોની શોધખોળ હાથ ધરી હતી. તસ્કરો ચોરી કરી સુરત નાસી છૂટ્યા હતાં. જયાં બંનેએ મોજમજા કરી હોવાની આરોપીએ કબુલાત આપી હતી.

# અણિયારી-જેતપર રોડ પર રૂા.૮.૪૨ લાખનો દારૂ ભરેલી કાર સાથે બુટલેગરની ધરપકડ

## મોરબી એલસીબીની ટીમે ૩૭૦ બોટલ દારૂ કબ્જે કરી ત્રણ શખ્સોની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી મોરબીના અણિયારી - જેતપર રોડ ઉપર દારૂ ભરેલી ક્રેટા કાર પસાર થનાર હોવાની બાતમીને આધારે મોરબી ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવી વિદેશી દારૂની ૩૭૬ બોટલ સાથે રૂપિયા ૮.૪૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી એક આરોપીને પકડી પાડી દારૂ મંગાવનાર સહિત ત્રણ આરોપીઓના નામ ખોલાવવામાં સફળતા મેળવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબી ક્રાઈમબ્રાન્ચની ટીમના હેડ કોન્સ્ટેબલ ચંદુભાઈ કાણોતરા, ભરતભાઈ જીલરીયા, પોલીસ કોન્સ્ટેબલ દશરથસિહ પરમાર તેમજ તેજસ વિડજાને નાઈટ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે અણીયારી



જેતપરરોડ ઉપર એક ક્રેટા કાર વિદેશી દારૂ ભરીને નિકળનાર છે. જે બાતમીને આધારે પોલીસે વોચ ગોઠવતા સફેદ કલરની હ્યુંડાઈ ક્રેટા કાર નંબર ÓFD-06-L$C-2112 પસાર થતા અટકાવી તલાશી લેતા કારમાં સવાર આરોપી નગારામ ભગવાનરામ ચૌધરી, રહે. રામજીકા ગોલ ફાટા.તા.ગુડામાલાણી જી. બાડમેર રાજસ્થાન વાળાના કબ્જામાંથી વિદેશી દારૂની ૩૭૬ બોટલ કિંમત રૂપિયા ૧,૩૭,૬૨૦ તેમજ કાર કિંમત રૂપિયા ૭ લાખ મળી કુલ રૂપિયા ૮,૩૭,૬૨૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આરોપી નગારામની પ્રાથમિક પૂછતાછમા દારૂના આ ગોરખધંધામાં આરોપી નરેશકુમાર મલાજીભાઈ પઢીયાર, રહે. શેરપુરા તા. ડીસા જી. બનાસકાંઠા, જમારામ ઉર્ફે જગમાલ જેઠારામ પ્રજાપતિ, રહે. તેજીયાવાસ, પોસ્ટ ડબોઈ, થાણું. તા. ગુડામાલાણી, જી.બાડમેર, રાજસ્થાન અને મોરબીના ખાનપર ગામના યશપાલસિંહ ધનુભા જાડેજાનું નામ આરોપીએ કબુલતા પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં પ્રોહીબિશન એક્ટ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે પોલીસે ક્રેટા કારમાંથી ગ્રીનલેબલ રીચ બ્લેન્ડ વ્હીસ્કીની ૧૭૮ બોટલ, ઓફીસર ચોઈસ કલાસીક વ્હીસ્કીની ૬૦ બોટલ, બ્લેન્ડર્સ પ્રાઈડ સીલેક્ટ પ્રિમીયમ વ્હીસ્કીની ૩૦ બોટલ અને ફિફ્ટી ફિફ્ટી ઓરેન્જ ફ્લેવર વોડકાની ૧૦૮ બોટલ સહિત કુલ ૩૧ પેટી એટલે કે ૩૭૬ બોટલ કબ્જે કરી હતી.આ સફળ કામગીરી એલસીબી પીઆઈ ડી.એમ.ઢોલ, પીએસઆઈ કે.એચ.ભોચિયા તેમજ એલસીબી, પેરોલ ફર્લો સ્કવોડ તથા ટેકનીકલ ટીમ મોરબીના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# ગોંડલના આશાપુરા ડેમમાં માછલીને લોટ નાંખવા ગયેલા વેપારી ડુબી જતા મોત

**મુખ્ય સમાચાર, ગોંડલ**

આશાપુરા ડેમ માં વહેલી સવારે માછલીઓને લોટ નાંખી પરોપકાર નું કાર્ય કરતા પ્રૌઢ વેપારીનું સવારે માછલીને લોટ નાખતી વેળા પગ લપસી જતા ડેમનાં ઉંડા પાણીમાં ગરક થઈ જવાથી મોત નિપજતા શોક ફેલાયો હતો. મૃતક ને સંતાન માં બે દીકરાઓ છે.અને બન્ને પરણીત છે.બનાવ ના પગલે આશાપુરા ડેમ દોડી ગયેલા ફાયર સ્ટાફે વેપારીનાં મૃતદેહ ને ડેમ માંથી બહાર કાઢી સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ માંડવીચોકમાં હરગોવિદ માવજી નાં નામે પાનબીડીનાં જુના હોલસેલ વેપારી હરેશભાઈ તુલશીદાસ ખોદાણી ઉ.૫૮ નિત્યક્રમ મુજબ સવારે આઠનાં સુમારે આશાપુરા ડેમ માં માછલીઓને



લોટ નાંખવા ગયા હતા. લોટ નાંખતી વેળા અચાનક પગ લપસતા ડેમ નાં ઉંડા પાણીમાં ખાબકતા ડુબી જવાથી મોત નિપજ્યું હતું. ફાયર સ્ટાફે તેમનાં મૃતદેહ ને પાણી બહાર કાઢી સિવિલ હોસ્પિટલ ખસેડયો હતો.બનાવ ની જાણ થતા તેમનો પરિવાર હતપ્રત બની હોસ્પિટલ દોડી ગયો હતો.

જાણવા મુજબ રાધાકૃષ્ણ નગર માં રહેતા અને માંડવીચોક ગોળાઈ માં પાનબીડી ની હોલસેલ ની દુકાન ધરાવતા હરેશભાઈ તથા તેમનાં પત્નિ પલ્લવીબેન છેલ્લા ચાર વર્ષ થી વહેલી સવારે સવારે આશાપુરા ડેમ માં માછલીઓને લોટ નાંખવા જતા હતા.પઠાવીબેન સુરત પ્રસંગ માં ગયા હોય સવારે એકલા હરેશભાઈ નિત્યક્રમ મુજબ આશાપુરા ડેમ માછલીઓને લોટ નાખવા પંહોચ્યા હતા. પણ કુદરતે કંઇક જુદુ જ ધાર્યું હોય તેમ જીવદયાનું કાર્ય કરતી વેળા મોતને ભેટયા હતા. બનાવ ના પગલે વેપારીઓ માં શોક ફેલાયો હતો.બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# વિંછીયામાં નશાકારક શીરપના જથ્થા સાથે બોટાદના શખ્સની ધરપકડ

## પોલીસે કાર, મોબાઈલ તથા ૮૪૫ શીરપની બોટલ સહિત રૂા.૬.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, જસદણ**

રાજયમાં અનેક જગ્યાએ આયુર્વેદિક દવાની આડમાં નશીલા પીણાનું વેચાણ થતું હોય છે. જે બદીને નાબુદ કરવા પોલીસ તંત્ર સક્રિય બન્યું છે. ત્યારે વિંછીયા નજીક કારમાંથી નશાકારક કોર્ડીન સીરપની ૮૪૦ બોટલ અને કાર તેમજ મોબાઈલ મળી રૂ.૬.૩૪ લાખના મુદ્દામાલ સાથે બોટાદના શખ્સને રાજકોટ રૂરલ એસઓજીની ટીમે



ઝડપી લીધો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, બોટાદમાં પાળીયાદ રોડ પર રહેતો પ્રકાશ પ્રવિણ સાંકળીયા નામનો શખ્સ વિંછીયાના મોઢુકા રોડ પરથી રૂપાવટી ગામ તરફ જવાના રસ્તે સ્વીફ્ટ કારમાં નશાકારક કોર્ડીન સીરપની બોટલને હેરાફેરી કરતો હોવાની બાતમી એસઓજીની ટીમને મળી હતી. જેના આધારે વિંછીયા નજીક વોચ ગોઠવી મળેલ બાતમી વાળી કાર નીકળતા તેને અટકાવી તેની તલાશી લેતા તે કારમાંથી નશાકારક સીરપની ૮૪૦ બોટલ કિંમત રૂ.૧.૨૯ લાખની મળી આવતા સીરપની બોટલો અને કાર તેમજ મોબાઈલ મળી કુલ રૂ. ૬,૩૪,૩૬૦ ના મુદ્દામાલ સાથે પ્રકાશ સાંકળીયા નામના શખ્સને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવમાં આરોપીની પૂછપરછ કરતા ઝડપાયેલ શખ્સ બી.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ હોવાનું જાણવા મળ્યું હતું. હાલ આ બનાવની વધુ તપાસ વિંછીયા પોલીસ ચલાવી રહી છે.

# જૂનાગઢમાં ઉશ્કેરણીજનક ભાષણ કરનાર મૌલાના પાસામાં ધકેલાયો

## કલેકટરે પોલીસની દરખાસ્ત મંજુર કરતા જૂનાગઢ એલસીબીએ સાબરમતી જેલમાંથી કબ્જો લઈ વડોદરા જેલમાં ધકેલી દીધો

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ સહીત અનેક જિલ્લાઓમાં ભડકાઉ ભાષણ કરવા મામલે પોલીસ દફ્તરે ચડી ગયેલા મુંબઈના મૌલાના સલમાન મુફ્તી મહમદ અઝહરીને આજે પાસા હેઠળ સાબરમતી જેલમાંથી કબ્જો મેળવીને લોકલ ક્રાઈમ બ્રાંચે વડોદરા જેલમાં ધકેલી દીધો છે.

જૂનાગઢમાં કોર્ટ રોડ ઉપર આવેલી નરસિંહ વિદ્યા મંદિરના મેદાનમાં નશામુક્તિ અભિયાનના બેનર હેઠળ યોજાયેલ જાહેર સભામાં ભડકાઉ ભાષણ કરનાર મુંબઈના વક્તા મૌલાના સલમાન



અઝહરી સામે સૌ પ્રથમ જૂનાગઢ પોલીસમાં ગુન્હો નોધાયો હતો, તે આરોપી મૌલાનાને ગુજરાત એટીએસની ટીમે મુંબઈ જઇને અટકાયત કરી હતી, તેનો કબ્જો જૂનાગઢ એલસીબીએ મેળવીને જૂનાગઢ ખાતે લાવી હતી, બાદમાં તેને કોર્ટમાં રજુ કરાતા એક દિવસના રિમાન્ડ પણ મંજુર થયા હતા.

મૌલાના સલમાન અઝહરીને પાસા ત્યાર બાદ મૌલાના સામે કચ્છ, અરવલ્લી, કર્ણાટક અને મુંબઈ સહિતના જિલ્લા-શહેરોમાં ભડકાઉ ભાષણ સહિતના કુલ ૧૧ ગુન્હા કરવા સબબના કેસો દાખલ થતા તેની સામે પોલીસ કાર્યવાહી કરવામાં આવી હતી, અંતે તે સાબરમતી જેલ હવાલે કરવામાં આવ્યા હતા. ત્યારે જૂનાગઢ એલસીબી પી.આઈ. જે.જે.પટેલ દ્વારા મૌલાનાના અવાર નવાર ભડકાઉ ભાષણ કરવાની ટેવ ધરાવતા હોય. જેથી મૌલાના સામે પાસાની દરખાસ્ત કરી હતી. જેમાં પોલીસે એવું જણાવ્યુંહતું કે, તે બે કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાય અને મુસ્લિમ સમાજને ગેરમાર્ગે દોરવાના ઈરાદે ભડકાઉ ભાષણ કરતા તેની સામે પાસાની દરખાસ્ત કરવામાં આવી હતી, જે અંગે જિલ્લા કલેકટરે દરખાસ્તને મંજુર કરતા આજે જૂનાગઢ ક્રાઈમ બ્રાંચની ટીમે સાબરમતી જેલમાંથી મૌલાનાની પાસા હેઠળ અટકાયત કરીને કબજો મેળવીને વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો.

# ખીજડાવાળા રોડ પર બાઈક ઝાડ સાથે ભટકાતા યુવાનનું મોત

## ઘર પાસે ઝઘડો થયા બાદ યુવાન બાઈક લઈ ચા પીવા ગયોને બનાવ બન્યો: પરિવારનો હત્યા થયાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ખીજડાવાળા રોડ ઉપર આવેલા ચામુડાનગરમાં રહેતો યુવાન ઘર પાસે ઝઘડો કર્યા બાદ પોતાનું બાઈક લઈને ચા પીવા જઈ રહ્યો હતો ત્યારે ખીજડાવાળા રોડ ઉપર બાઈક ઝાડ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો અકસ્માતમાં ઘવાયેલા બાઈક ચાલક યુવકનું મોત નીપજ્યું હતું. પરિવારે હત્યાની શંકા વ્યક્ત કરતા મૃતદેહને ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો યુવકના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી



છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં ખીજડાવાળા રોડ ઉપર આવેલા ચામુંડાનગરમાં રહેતા કેતન વિનોદભાઈ રાઠોડ નામનો ૨૬ વર્ષનો યુવાન રાત્રીના એકાદ વાગ્યાના અરસામાં પોતાનું બાઈક લઈને ખીજડાવાળા મેઈન રોડ ઉપર જઈ રહ્યો હતો ત્યારે બાઈક ઝાડ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા કેતનભાઈ રાઠોડને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક કેતન રાઠોડ બે ભાઈમાં નાનો અને સેન્ટીંગ કામ કરતો હતો. કેતન રાઠોડ ઘર પાસે ઝઘડો થયા બાદ મોડી રાત્રે બાઈક લઈને ચા પીવા નીકળ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે જ્યારે મૃતક કેતન રાઠોડના પરિવારે હત્યાનો આક્ષેપ કરતા પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો. પોલીસે આક્ષેપના પગલે વધુ તપાસ હાથ ધરી છે.

# રૈયાધાર મફતિયાપરામાં પિતા-પુત્ર પર છ શખ્સોનો જીવલેણ હૂમલો

## ઘર પાસે ઝગડો કરતા શખ્સોને ગાળો બોલવાની ના કહેતા ઉશ્કેરાયેલા શખ્સોએ ધોકા પાઈપ અને છરી વડે ક્ર્યો હૂમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા રૈયાધાર મફતિયાપરામાં ઈન્દીરાનગરમાં રહેતા પિતા-પુત્રએ ઘર પાસે ગાળો બોલવાની ના કહેતા છ શખ્સોએ ઘાતક હથિયારો વડે જીવલેણ હૂમલો કરતા ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ રૈયાધારમાં આવેલા ઈન્દીરાનગર શેરી-૨૭માં રહેતો રોનક મગનભાઈ સરવૈયાર (ઉ.વ.૧૯)નામના યુવાને પાડોસમાં રહેતો દિલીપ, ચંન્દ્રેશ લાલો દિલીપ, શક્તિ રાઠોડ, હાડો અને



બે અજાણ્યા શખ્સો ના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ગઈકાલે પોતે ઘર પાસે હતો ત્યારે આ ઉપરોક્ત શખ્સો ગેરકાયદે મંડળી રચી છરી, લોખંડના પાઈપ ધોકા જેવા ઘાતક હથિયારો ધારણ કરી પાડોસમાં રહેતા શામજીભાઈ સાથે ઝગડો કરતા હોય અને ગાળો બોલતા હોય જેથી તેના પિતા મગનભાઈ સરવૈયા ગાળો બોલવાની ના કહેતા આ શખ્સોએ તેના પિતા પર હૂમલો ક્ર્યો હતો. અને છોડાવા વચ્ચે પડેલ દિવ્યેશ સહિત ત્રણેય પિતા-પુત્ર પર હૂમલો કરી ગંભીર ઈજા કરી હત્યા નિપજાવાની કોશીસ કરી નાસી ગયા હતા બનાવ બાદ ત્રણેયને ગંભીર હાલતમાં સરકારી હોસ્પિટલે સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગેની જાણ ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસને કરવામાં આવતા પીઆઈ એમ.આઈ.રાઠોડ સહિતનો સ્ટાફ દોડી જઈ ગુનો નોંધી હૂમલાખોરોની શોધખોળ આદરી છે.

# જૂનાગઢના નગરસેવિકાનો બુટલેગર પતિ ઉજજૈનથી ઝડપાયો

## અમરેલી એલસીબીની ટીમને મળેલી સફળતા: ૧૮ ગુનામાં નાસતો ફરતો હતો નામચીન બુટલેગર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના ૧૧ જિલ્લાઓના ૧૮ ગુનાઓમાં મોસ્ટ વોન્ટેડ તેમજ ૫૯ ગુનાઓમાં સંડોવાયેલા આરોપીને લોકસભાની ચૂંટણી પહેલા અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા મધ્યપ્રદેશ રાજ્યમાંથી ઝડપી લેવામાં આવ્યો છે.

લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ માં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે અને સમગ્ર ચુંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તેના



ભાગ રૂપે ગુજરાત રાજયના અલગ અલગ જિલ્લાઓના ગુનાઓમાં સંડોવાયેલ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ખાસ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઇવ દરમ્યાન ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા તથાઅમરેલી જિલ્લામા ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. એ.એમ.પટેલને મળેલ ચોકકસ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે એલ.સી.બી. ટીમે ગુજરાત રાજયના અલગ અલગ ૧૧ જિલ્લાઓના ૧૮ ગુનાઓમાં વોન્ટેડ અને પ્રોહીબિશન સહિત કુલ ૫૯ ગુનાઓમાં સંડોવાયેલ આરોપી ધીરેન અમૃતલાલ કારીયા, ઉ.વ.૪૧ રહે.જુનાગઢ, રાયજી બાગની બાજુમાં, નોબલ પ્લેટેનીયમ એપાર્ટમેન્ટને ઉજજૈનથી પકડી લીધો હતો. ધીરેનના પત્ની જૂનાગઢમાં કોર્પોરેટર હોવાનું જાણવા મળ્યું છે.

# ગોંડલના ઘોઘાવદર રોડ પર ટ્રક્ટર ચાલકે બાઈકને હડફેટે લેતા યુવાનનું મોત

## જેતપુરમાં પ્રેમસંબંધ બાબતે યુવાનને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી શખ્સે માર માર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલમાં ઘોઘાવદર રોડ પર ડુંગરી ભરેલા ટ્રેક્ટરના ચાલકે બાઈકને હડફેટે લેતા બાઈક ચાલકનું યુવાનનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ કોટડાસાંગાણીના રામોદ ગામે રહેતા રાજેશભાઈ અરજણભાઈ સોજીત્રા નામના યુવાને ગોંડલ સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, તેનો પુત્ર જ્યોત પોતાનું બાઈક નં.જીજે૧૧એજે૭૨૪નંબરનું લઈ ગોંડલથી રામોદ ઘર તરફ આવતો હતો ત્યારે ઘોઘાવદર રોડ પર શ્રીરામ પેટ્રોલપંપ આગળ ડુંગરી ભરેલા ટ્રક્ટર નં.જીજે૨૪એએફ૩૮૦૦ના ચાલકે ગફ્લત ભરી રીતે ટ્રેક્ટર ચલાવી બાઈકને હડફેટે લેતા ચાલક જ્યોતને ગંભીર ઈજા થતા તેનું ઘટના સ્થળે જ મોત નિપજતા ટ્રક્ટર ચાલક ભાગી ગયો હતો. બનાવના પગલે ગોંડલ સીટી પોલીસના પીએસઆઈ વી.કે.કોઠીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જ્યારે એક બનાવમાં જેતપુર ગોંડલ દરવાજા પાસે રામાપીરના મંદિર નજીક રહેતો સુનિલ કરશનભાઈ કટારીયા નામનો યુવાન ફુલવાડી વિસ્તારમાં બાવરી ફેશન નામની દુકાન પાસે હતો ત્યારે તેની પત્ની અને સાજીદ ઉર્ફે સાજલો હાજી શેખની સ્ત્રીમીત્રના ફોટા મોબાઈલમાં જોતો હતો ત્યારે આ શખ્સે તેની પત્ની અને સ્ત્રીમીત્ર સાથે સંબંધ નહીં રાખવા અને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવાને જેતપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT